# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-04-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Monday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

1) **રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂનાં હસ્તે રાજ્યનાં ચાર મહાનુભાવોને પદ્મ પુરસ્કાર એનાયત કરાયાં.**
2) પહલગામમાં આતંકી હુમલા બાદ બાંગ્લાદેશી નાગરીકોને શોધવા માટા રાજ્યભરમાં શોધખોળ અભિયાન
3) શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂતે ભાવનગર, દેવભૂમિ દ્વારકા અને પ્રતાપનગરમાં આઇટીઆઇ સહિતની સુવિધાઓનું ઇ-લોકાર્પણ કર્યું
4) આગામી બે દિવસ રાજ્યમાં મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો વધારો થવાની હવામાન વિભાગની આગાહી
5) IPLમાં, આજે જયપુ રમાં ગુજરાત ટાઇટન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે મુકાબલો

---

(હવે પછી આપ 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PADMA AWARD

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ રાષ્ટ્રપતિ ભવન ખાતે પદ્મ પુરસ્કાર એનાયત કર્યાં. પહેલા તબક્કામાં 71 હસ્તીઓને પદ્મ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યાં. જેમાં રાજ્યનાં ચાર મહાનુભાવોને તેમના ક્ષેત્રોમાં અપ્રતિમ યોગદાન બદલ પુરસ્કાર અપાયાં.

ફાર્મા ઉદ્યોગના અગ્રણી અને ઉદ્યોગપતિ ચેરમેન પંકજ આર. પટેલને , વેપાર અને ઉદ્યોગ ક્ષેત્રે તેમના યોગદાન માટે તેમને પદ્મ ભૂષણથી નવાજવામાં આવ્યા.

'સહયોગ કૃષ્ઠ યજ્ઞ ટ્રસ્ટ ', ગુજરાતના સ્થાપક અને મેનેજિંગ ટ્રસ્ટી સુરેશ હરિલાલ સોનીને સામાજિક કાર્ય માટે , સુપ્રસિધ્ધ ગુજરાતી કવિ અને ગીતકાર તુષાર શુક્લને સાહિત્ય અને શિક્ષણ ક્ષેત્રમાં અને કલા ઇતિહાસકાર અને સંગ્રહાલય નિષ્ણાત- પ્રો.રતનકુમાર પરીમુને કલા ક્ષેત્રે પદ્મશ્રીથી નવાજવામાં આવ્યા.

. . . . . . . . . . . . .

# BANGLADESHI DETENSION

પહલગામમાં આતંકી હુમલા બાદ રાજ્યમાં ગેરકાયદે વસતા બાંગ્લાદેશી નાગરીકોને શોધવા માટે રાજ્યભરમાં શોધખોળ અભિયાન ચાલી રહ્યું છે.

આ ઝુંબેશના ભાગરૂપે  અમદાવાદ શહેર પોલીસ કમિશનર જી.એસ મલિકે આજે ચંડોળા તળાવ વિસ્તારની મુલાકાત લઈ ગેરકાયદેસર વસવાટ કરતા બાંગ્લાદેશી નાગરિકોની મોટી સંખ્યામાં અટકાયત કરી હતી. શ્રી મલિકે બાંગલાદેશીઓ દ્વારા કરાયેલા ગેરકાયદેસર બાંધકામ , ગેરકાયદેસર વીજ જોડાણ દૂર કરવા અધિકારીઓને જરુરી સુચનાઓ આપી હતી.

મોરબી જિલ્લાનાં સ્પેશ્યલ ઓપરેશન ગ્રૂપ- SOGએ મોરબીમાં ગેરકાયદે વસવાટ કરતા 10 જેટલા બાંગલાદેશીઓની અટકાયત કરી છે.

નવસારીમાં  પોલિસ ટુકડીએ નવસારી , જલાલપોર, ગણદેવી, ચીખલી, બીલીમોરા, ખેરગામ વિસ્તારની અનેક વસાહતોમાં તપાસ હાથ ધરી હતી.

ગીર સોમનાથ પોલીસ દ્વારા ગીરની દરિયાઈ પટ્ટી અને જાહેર સ્થળો પર સઘન તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

ગીર સોમનાથના પોલિસ અધિક્ષક મનોહરસિંહ જાડેજાએ જણાવ્યુ કે , દરિયામાં અવરજવર કરતી તમામ બોટ અને માછીમારોની ઝીણવટભરી તપાસ કરવામાં આવી રહી છે.

(BYTE MANOHARSINH JADEJA)

. . . . . . . . . . . . .

# CM SMC SMDC DIALOGUE EVENING

**મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે** , બાળકોને વિશ્વ સાથે કદમથી કદમ મિલાવતા મૂલ્યનિષ્ઠ શિક્ષણ માટે શાળા વ્યવસ્થાપન સમિતિ- SMCની સહભાગીતા આવશ્યક છે. મુખ્યમંત્રીએ રાજ્યની સરકારી , પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની શાળા વ્યવસ્થાપન સમિતિઓના સવા ચાર લાખ જેટલા સભ્યો સાથે ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સિંગનાં માધ્યમથી સંવાદ કર્યો હતો. આ પ્રસંગે તેમણે શિક્ષકોની સાથે સક્રિયતાથી જોડાઈને પોતાના ગામની શાળા તથા બાળકોના શિક્ષણ સ્તરને વધુ ઉન્નત બનાવવા SMC ની ભૂમિકા મહત્વની હોવાનું જણાવ્યું હતું.

મુખ્યમંત્રીએ આ સંવાદમાં પ્રતિક રૂપે જામનગર , બનાસકાંઠા, દાહોદ, મહીસાગર અને નવસારીની ગ્રામીણ વિસ્તારની શાળાઓના વ્યવસ્થાપન સમિતિના સભ્યો સાથે સંવાદ કર્યો હતો. આ પ્રસંગે શિક્ષણ મંત્રી કુબેર ડીંડોરે જણાવ્યું કે ,શાળાઓમાં બાળકોના નામાંકન , દિવ્યાંગ બાળકો માટેની કાળજી , વિવિધ યોજનાઓના અમલીકરણમાં SMCનો સહકાર મળી રહ્યો છે.

શિક્ષણ રાજ્ય મંત્રી પ્રફુલ પાનસેરીયાએ ગામોની શાળાઓમાં કિચન ગાર્ડન, કુપોષણ મુક્તિ માટેના પ્રયાસો અને યોજનાકીય લાભ લોકોને પહોંચાડવામાં SMC અને શિક્ષકોની ભૂમિકાની પ્રશંસા કરી હતી.

. . . . . . . . . . .

# BALWANT SINH RAJPUT

શ્રમ અને રોજગાર મંત્રી બલવંતસિંહ રાજપૂતના હસ્તે 58 કરોડ રૂપિયાનાં ખર્ચે ભાવનગર, દેવભૂમિ દ્વારકા અને પ્રતાપનગરમાં નવનિર્મિત આઇટીઆઇ મકાન અને અન્ય સુવિધાઓનું ઇ-લોકાર્પણ કરવામાં આવ્યું.

ગાંધીનગર ખાતે યોજાયેલા કાર્યક્રમમાં રાજ્યના રોજગારવાંછુ યુવાનો માટે કૌશલ્યા –ધ સ્કિલ યુનિવર્સિટી તથા નર્મદા રૂરલ ડેવલોપમેન્ટ સોસાયટી , નેમટેક તેમજ અમદાવાદ કસ્ટમ બ્રોકર એસોસિએશન સાથે સમજૂતિપત્રો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

આ ઉપરાંત શ્રી રાજપુતનાં હસ્તે બિલિમોરામાં નવનિર્મિત ડ્રોન તાલીમ કેન્દ્રનું લોકાર્પણ કરાયું હતું. 36 કરોડ રૂપિયાના ખર્ચે ભાવનગર આઇટીઆઇ, દેવભૂમિ દ્વારકા ખાતે ૧૪ કરોડ રૂપિયાનાં ખર્ચે અને નર્મદા જિલ્લાના પ્રતાપનગર ખાતે ૮ કરોડ રૂપિયાનાં ખર્ચે આઇટીઆઇમાં લાઇબ્રેરી અને લેબોરેટરી સહિતની સુવિધાઓ ઊભી કરવામાં આવી છે.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી નીમુબેન બામણીયા વર્ચ્યુલી તેમજ શ્રમ અને રોજગાર રાજ્યમંત્રી કુંવરજી હળપતિ રૂબરુ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# ONLINE GAMING SMC

ઓનલાઇન ગેમિંગ દ્વારા નાણાકીય છેતરપિંડી આચરતી ગેંગના સાત આરોપીઓને સ્ટેટ સાયબર ક્રાઇમ સેલ , ગાંધીનગર ની ટીમે ઝડપી પાડ્યા છે. બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના અલગ અલગ ગામના આ યુવકોએ મોજ શોખ માટે આ ગુનો આચર્યો હોવાનું પોલિસ તપાસમાં જાણવા મળ્યું છે.

સ્ટેટ સાયબર ક્રાઇમ સેલના પોલીસ અધિક્ષક ધર્મેન્દ્ર શર્માએ જણાવ્યું કે , આ ગેંગના સભ્યોએ 20 થી વધુ રાજ્યોમાં છેતરપિંડી દ્વારા બે કરોડ રૂપિયાથી વધુ રકમ પડાવી છે. આ કેસમાં સંડોવાયેલા વધુ એક આરોપીને પકડવા ટીમના સભ્યો એ ચક્રો ગતિમાન કર્યા છે.

(BYTE DHARMENDRA SHARMA, SMC)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

.....................................

# MAHESANA-CITY-BUS

મહેસાણા મહાનગરપાલિકા દ્વારા આજથી સીટી બસ સેવાનો પ્રારંભ કરાયો છે. આ સીટી બસ  ૪૩ કિલોમીટર વિસ્તારમાં સેવા આપશે. મહાનગરપાલિકાના કમિશનર રવિન્દ્ર ખટાલેએ જણાવ્યું કે મુખ્ય મંત્રી શહેરી બસ સેવા અંતર્ગત દર ૧૫ મિનિટે બસ મળે તેવી વ્યવસ્થા કરાઇ છે. હાલ ૧૮ બસ ની સેવા શરૂ કરાઈ છે જે આગળ જતા બમણી કરાશે . મહેસાણા બસ સર્વિસની મોબાઇલ પર એપ પણ બનાવવામાં આવી છે. બસ ભાડું પાંચ રૂપિયાથી મહત્તમ ૨૨ રૂપિયા સુધી રહેશે.

(Byte : રવિન્દ્ર ખટાલે : મ્યુનિ.કમિશનર, મહેસાણા)

લોકસભા સાંસદ હરિભાઈ પટેલ , રાજ્યસભા સાંસદ મયંક નાયક સહિતના મહાનુભાવોએ લીલી ઝંડી આપી બસ સેવાનો પ્રારંભ કરાવ્યો હતો.

. . . . . . . . . . . . .

# SURENDRANAGAR KUNVARJI BAWALIA VISIT

જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજી બાવળીયાએ સુરેન્દ્રનગર જિલ્લાનાં થાનગઢ તાલુકાનાં અમરાપુર , નવાગામ, વરમાધાર, વિજળીયા, મનડાસર, અભેપર, સારસાણા ગામની મુલાકાત લીધી હતી.શ્રી બાવળિયાએ આ ગામોમાં પીવાનાં પાણીનાં પ્રશ્નોની સમસ્યાના ઉકેલ અંગે સ્થાનિક અધિકારીઓ સાથે બેઠક યોજી હતી.

. . . . . . . . . . . . .

# MAHISAGAR - LOCAL BODY POLLS

મહીસાગર જિલ્લામાં 106 ગ્રામ પંચાયતોમાં પેટા ચૂંટણી યોજાશે. લુણાવાડા તાલુકામાં 15, બાલાસિનોરમાં 13,ખાનપુરમાં 14, સંતરામપુરમાં 37, કડાણામાં 07 અને વીરપુર તાલુકામાં 13 ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાશે.

હાલ આ ગ્રામ પંચાયતોમાં વહીવટદારનું શાસન છે.

. . . . . . . . . . . . .

# FISHERIES MEETING IN MUMBAI

કેન્દ્રીય મત્સ્યપાલન અને પશુપાલન મંત્રી  રાજીવ રંજન સિંહે પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના હેઠળ 255 કરોડ રૂપિયાનાં ખર્ચ સાથે ગુજરાત સહિતનાં દરિયાકિનારાનાં 7 રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં વિવિધ પરિયોજનાઓનું ઉદઘાટન અને શિલાન્યાસ કર્યો હતો

મુંબઈમાં આજે  યોજાયેલા "દરિયાકિનારાનાં રાજ્યોનાં મત્સ્યપાલન સંમેલન"માં પાંચમી દરિયાઈ મત્સ્યપાલન ગણતરીની કામગીરી , જહાજ સંદેશાવ્યવહાર અને સહાયક પ્રણાલી માટે કાર્યપ્રણાલિ જેવી મુખ્ય પહેલોનો શુભારંભ કરવામાં આવ્યો.

આ પ્રસંગે શ્રી સિંહે પ્રધાનમંત્રી મત્સ્ય કિસાન સમૃદ્ધિ સહ-યોજના હેઠળ લાભાર્થીઓને સૌપ્રથમ એક્વા ઇન્શ્યોરન્સ એનાયત  કર્યો હતો. આજે 5મી મરીન સેન્સસ કામગીરીની શરૂઆત કરવામાં આવી છે.

આ સંમેલનમાં દરિયાકિનારાનાં રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોનાં રાજ્યપાલો અને મત્સ્યપાલકો ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . . .

# BANSAKANTHA-MARKET-CLOSE

બનાસકાંઠામાં આવતીકાલથી ત્રણ દિવસ જિલ્લાની વિવિધ માર્કેટ યાર્ડ બંધ રહેશે. પરશુરામ જયંતિ   અને અખાત્રીજના  તહેવારોને લઈ માર્કેટ યાર્ડમાં રજા જાહેર કરવામાં આવી છે. માર્કેટ યાર્ડ બીજી મે ના રોજ રાબેતા મુજબ ચાલુ થશે.

. . . . . . . . . . . . . .

# SABARMATI YOGNAGARI EXPRESS

અમદાવાદ ડિવિઝનના મહેસાણા-પાલનપુર સેક્શન પર સિદ્ધપુર અને કામલી સ્ટેશનો વચ્ચે ચાલી રહેલા પુનર્નિર્માણના કારણે, સાબરમતી-યોગનગરી ઋષિકેશ-સાબરમતી એક્સપ્રેસ અને દૌલતપુર ચોક-સાબરમતી એક્સપ્રેસ આવતીકાલથી ડાયવર્ટ કરેલા રૂટ મુજબ દોડશે સાબરમતીથી ઉપડતી નિયત રૂટને બદલે આ ટ્રેન મહેસાણા-પાટણ-ભીલડી-પાલનપુર થઈને ડાયવર્ટ કરાયેલા રૂટ પર દોડશે અને મહેસાણા-ઊંઝા-સિદ્ધપુર-પાલનપુર સ્ટેશન નહીં જાય.

. . . . . . . . . . . . .

# WEATHER

હવામાન વિભાગે આગામી બે દિવસ રાજ્યમાં મહત્તમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો વધારો થવાની અને કચ્છ , મોરબી, સુરેન્દ્રનગર તથા રાજકોટમાં યલો એલર્ટ સાથે હીટવેવની આગાહી કરી છે.

આગામી 7 દિવસ સુધી મહત્તમ તાપમાન 40 થી 44 ડિગ્રીની રેન્જમાં રહેવાની સંભાવના છે. સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક ભાગોમાં દિવસના તાપમાનમાં નોંધપાત્ર વધારો થયો છે.

છેલ્લાં ચોવીસ કલાકમાં રાજ્યમાં સૌથી વધુ 45.6 ડિગ્રી સેલ્સિયસ તાપમાન કંડલા એરપોર્ટ ખાતે અને રાજકોટમાં 44.4 ડિગ્રી નોંધાયું હતું.

વધુ માહિતી આપે છે, હવામાન વિભાગના વૈજ્ઞાનિક ડો. એ કે દાસ

(BYTE -- DR. A K DAS)

. . . . . . . . . . . . .

# IPL

ઈન્ડીયન પ્રીમિયર લીગ – IPL T-20 ક્રિકેટમાં જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમ ખાતે રાજસ્થાન રોયલ્સ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે મેચ શરૂ થઈ છે. આ મેચમાં રાજસ્થાન રોયલ્સે _ટોસ જીતીને પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો છે.

. . . . . . . . . . . . .

# PATAN-SABARMATI-DEMU

અમદાવાદ વિભાગના સાબરમતી સ્ટેશન પર ચાલી રહેલા પુનઃવિકાસ કાર્યના ભાગ રૂપે, આજ થી પહેલી મે સુધી સાબરમતી - પાટણ ડેમુ જોડી મહેસાણા અને સાબરમતી વચ્ચે આંશિક રીતે રદ રહેશે . સત્તાવાર યાદી મુજબ , રેલ્વે ટ્રેક નંબર 7, 8, 9 અને 10 પર ઊંચી છત પર સ્ટીલ ગર્ડર શરૂ કરવા માટે એક બ્લોક લેવામાં આવ્યો છે, જેના કારણે આ નિર્ણય કરાયો છે. આ અંગે વિગતવાર માહિતી માટે, મુસાફરો www.enquiry.indianrail.gov.in ની મુલાકાત લઈ શકે છે.

. . . . . . . . . . . . .